# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-09-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

**********************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું , વિશ્વમાં વિક્ષેપો અને અનિશ્ચિતતા હોવા છતાં, ભારતની વૃદ્ધિ પ્રભાવશાળી છે.
2. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ઉત્તરપ્રદેશના વૃંદાવનમાં શ્રી બાંકે બિહારી મંદિર સહિત વિવિધ ધાર્મિક સ્થળોના દર્શન કર્યાં.
3. ભારતે રેલવે-આધારિત મોબાઇલ લોન્ચર સિસ્ટમથી મધ્યમ અંતરની અગ્નિ-પ્રાઇમ મિસાઇલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું
4. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે નવી દિલ્હીમાં સ્વચ્છતા કર્મચારીઓનું સન્માન કર્યું
5. BCCI એ પાકિસ્તાની ક્રિકેટરો સાહિબજાદા ફરહાન અને હરિસ રૌફ સામે તેમના અયોગ્ય વર્તન બદલ ફરિયાદ નોંધાવી

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM- UP TRADE SHOW

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું , વૈશ્વિક વિક્ષેપો અને અનિશ્ચિતતા છતાં , ભારતની વૃદ્ધિ નોંધપાત્ર રહી છે. આજે સવારે ગ્રેટર નોઈડામાં ઉત્તર પ્રદેશ આંતરરાષ્ટ્રીય વેપાર શોનું ઉદ્ઘાટન કરતા શ્રી મોદીએ કહ્યું કે , વિક્ષેપો દેશને વિચલિત કરતા નથી, પરંતુ તે પરિસ્થિતિઓમાં નવી દિશા અને નવી તકો શોધે છે. તેમણે કહ્યું કે , ભારતે આત્મનિર્ભર બનવું જોઈએ. ભારતમાં બનાવી શકાય તેવી દરેક પ્રોડક્ટ ભારતમાં જ બનાવવી જોઈએ. પ્રધાનમંત્રીએ કહ્યું કે, ચીપ અને જહાજ બંને દેશમાં જ બનાવવાનો ભારતનો ઉદ્દેશ છે.

## (બાઇટ : PM—CHIP)

શ્રી મોદીએ કહ્યું કે, ભારતે UPI, આધાર, ડિજીલોકર, ONDC જેવા મંચ બનાવ્યા છે જે દરેકને તકો આપી રહ્યા છે.

## (બાઇટ : PM-MODI-OPEN-PLATFORM)

તેમણે કહ્યું કે, રશિયા આ વર્ષના ઉત્તર પ્રદેશ આંતરરાષ્ટ્રીય વેપાર પ્રદર્શનનું ભાગીદાર છે. શ્રી મોદીએ કહ્યું કે , ભારત આ વેપાર શો દ્વારા સમયની કસોટી પામેલી ભાગીદારીને મજબૂત બનાવી રહ્યું છે.

પ્રધાનમંત્રી આજે રાજસ્થાનની મુલાકાત લેશે અને એક લાખ 22 હજાર 100 કરોડ રૂપિયાના અનેક વિકાસ પરિયોજનાનું ખાતમુહૂર્ત અને ઉદ્ઘાટન કરશે.

. . . . . . . . .

# PM--PRAGATI-MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે નવી દિલ્હીમાં માહિતી અને સંદેશાવ્યવહાર ટેકનોલોજી સક્ષમ મંચ પ્રગતિની 49મી બેઠકની અધ્યક્ષતા કરી. તેમણે ખાણકામ , રેલ્વે, જળ સંસાધનો , ઔદ્યોગિક કોરિડોર અને વીજળી સહિત વિવિધ ક્ષેત્રોમાં આઠ મુખ્ય માળખાગત પરિયોજનાઓની સમીક્ષા કરી હતી. આ પરિયોજનાઓ 15 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ₹65 હજાર કરોડથી વધુના રોકાણ સાથે શરૂ કરાઇ છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે પ્રોજેક્ટ અમલીકરણમાં વિલંબથી ખર્ચ બમણો થાય છે અને નાગરિકો સમયસર આવશ્યક સેવાઓ અને માળખાગત લાભો મેળવી શકતા નથી. તેમણે કેન્દ્ર અને રાજ્યના અધિકારીઓને લોકોના જીવનની ગુણવત્તા સુધારવા માટે પરિણામ-આધારિત અભિગમ અપનાવવા અપીલ કરી.

ઉલ્લેખનીય છે કે, પ્રગતિ મંચ મુખ્ય પરિયોજનાઓને ઝડપી બનાવવા , અવરોધો દૂર કરવા અને સમયસર પહોચ સુનિશ્ચિત કરવા કેન્દ્ર અને રાજ્ય સરકારોને એકસાથે લાવે છે.

. . . . . . . . . . .

# PREZ-VRINDAVAN

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે ઉત્તર પ્રદેશના વૃંદાવનની મુલાકાત લીધી. તેઓ સફદરજંગ રેલવે મથકથી એક વિશેષ ટ્રેન દ્વારા વૃંદાવન પહોંચ્યા. જ્યાં તેમણે શ્રી બાંકે બિહારી મંદિર, નિધિવન અને કુબ્જા કૃષ્ણ મંદિરમાં દર્શન કર્યા. તેઓ વૃંદાવનના સુદામા કુટીની પણ મુલાકાત લેશે અને મથુરામાં શ્રી કૃષ્ણ જન્મસ્થાન ખાતે  પૂજા-અર્ચના કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# GEOSCIENCE AWARD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આવતીકાલે નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય ભૂ-વિજ્ઞાન પુરસ્કારો - 2024 એનાયત કરશે.

કેન્દ્રીય કોલસા અને ખાણ મંત્રી જી. કિશન રેડ્ડી અને રાજ્યમંત્રી સતીશ ચંદ્ર દુબે પણ આ સમારોહમાં હાજર રહેશે. દેશના સૌથી જૂના સન્માનોમાંનો એક , આ પુરસ્કારો ભૂસ્તરશાસ્ત્રના વિવિધ ક્ષેત્રોમાં અસાધારણ સિદ્ધિઓ અને ઉત્કૃષ્ટ યોગદાન બદલ વ્યક્તિઓ અને સંગઠનોને આપવામાં આવે છે.

ખાણ મંત્રાલય દર વર્ષે ત્રણ શ્રેણીઓમાં આ પુરસ્કારો રજૂ કરે છે જેમાં લાઇફટાઇમ એચિવમેન્ટ માટે રાષ્ટ્રીય ભૂ-વિજ્ઞાન પુરસ્કાર , રાષ્ટ્રીય ભૂ-વિજ્ઞાન પુરસ્કાર અને રાષ્ટ્રીય યુવા ભૂ-વિજ્ઞાની પુરસ્કારનો સમાવેશ થાય છે.

. . . . . .

# INDIA- MISSILE

ભારતે રેલવે-આધારિત મોબાઇલ લોન્ચર સિસ્ટમથી મધ્યમ અંતરની અગ્નિ-પ્રાઇમ મિસાઇલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું. આ આગામી પેઢીની મિસાઇલ 2 હજાર કિલોમીટર સુધીની રેન્જને આવરી લેવા માટે તૈયાર કરવામાં આવી છે અને તે વિવિધ અદ્યતન સુવિધાઓથી સજ્જ છે.

આ પ્રકારનું પ્રથમ પ્રક્ષેપણ ખાસ ડિઝાઇન કરેલા રેલ-આધારિત મોબાઇલ લોન્ચરથી કરાયું છે, જે કોઈપણ પૂર્વશરત વિના રેલ નેટવર્ક પર આગળ વધી શકે છે જે વપરાશકર્તાને ક્રોસ-કન્ટ્રી ગતિશીલતા અને ઓછી દૃશ્યતા સાથે ટૂંકા પ્રતિક્રિયા સમયની અંદર લોન્ચ કરવાની મંજૂરી આપે છે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સફળ પરીક્ષણ પર સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન અને સ્ટ્રેટેજિક ફોર્સિસ કમાન્ડ- **SFC** અને સશસ્ત્ર દળોને અભિનંદન આપ્યા છે.

. . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . .

# SAWACHTA ABHIYAN

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે નવી દિલ્હીમાં આર્મી હેડક્વાર્ટર ખાતે 'સ્વચ્છતા હી સેવા' અભિયાનના ભાગરૂપે સ્વચ્છતા કર્મચારીઓનું સન્માન કર્યું. આ પ્રસંગે શ્રી સિંહે કહ્યું કે 'સ્વચ્છ ભારત અભિયાન' જે રીતે ક્રાંતિના રૂપમાં દેશના દરેક વ્યક્તિ સુધી પહોંચ્યું છે તે અદ્ભુત છે. તેમણે ઉમેર્યું કે દેશ આજે તે ક્રાંતિના ભાગરૂપે સ્વચ્છતા દિવસની ઉજવણી કરી રહ્યું છે.

**(બાઇટ : RAJNATH-SINGH—SWACHHTA)**

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી અને ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા પણ આજે નવી દિલ્હીમાં સ્વચ્છતા હી સેવા 2025 અભિયાનમાં જોડાયા. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી નડ્ડાએ કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝનથી પ્રેરિત થઈને, સ્વચ્છતાનું દરેક કાર્ય સ્વચ્છ ભારત પ્રત્યેની આપણી સહિયારી ફરજને શ્રદ્ધાંજલિ છે. કેન્દ્રીય જળશક્તિ મંત્રી સીઆર પાટીલ રાષ્ટ્રીય રાજધાનીના કાલિંદી કુંજ ઘાટ ખાતે સ્વચ્છતા અભિયાનમાં ઉપસ્થિત રહ્યા.

. . . . . . . .

# IMP ANNOUNCEMENT

## એક અગત્યની જાહેરાત

આકાશવાણી અમદાવાદનાં પ્રાદેશિક સમાચાર વિભાગ દ્વારા પ્રસ્તુત ‘સેવા પર્વ’ શ્રેણીના પાંચ-મા અંકમાં આજે સાંભળશો ‘વિકાસ ભી અને વિરાસત ભી ’ અંતર્ગત ગુજરાતના પ્રવાસન વિકાસ અંગે ચર્ચા. આ ચર્ચામાં ભાગ લઈ રહ્યા છે, રાજ્યના પ્રવાસન વિભાગના સચિવ ડૉક્ટર રાજેન્દ્ર કુમાર અને આકાશવાણી અમદાવાદનાં સંવાદદાતા અપર્ણા ખુંટ . આજે બપોરે બે વાગ્યાને 40 મિનિટે આ કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

તો સાંભળવાનું ચૂકશો નહીં, બે વાગ્યાને 40 મિનિટે ગુજરાત પ્રવાસન વિકાસ અંગે વિશેષ ચર્ચા.

. . . . . . . . . . . . . . . . . . . . .

# BCCI COMPLAINT

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ- **BCCI** એ 21 સપ્ટેમ્બરના રોજ એશિયા કપના સુપર ફોર મુકાબલા દરમિયાન પાકિસ્તાની ક્રિકેટરો સાહિબજાદા ફરહાન અને હરિસ રૌફ સામે તેમના અયોગ્ય વર્તન બદલ સત્તાવાર રીતે ફરિયાદ નોંધાવી છે.

ભારતીય ટીમે ગેરવર્તણૂક બદલ બંને ખેલાડીઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી છે. પાકિસ્તાનની ઇનિંગ દરમિયાન , ઓપનર સાહિબજાદા ફરહાને બંદૂકની જેમ બેટ પકડીને પોતાની અડધી સદીની ઉજવણી કરી. જ્યારે ઝડપી બોલર હરિસ રૌફે ભારતીય દર્શકો તરફ આંગળીઓ ઉંચી કરીને 0-6 નો સંકેત આપ્યો હતો.

. . . . . . . . .

# IYER CAPTAIN- INDIA A

ભારતીય ક્રિકેટર શ્રેયસ ઐયરને 30 સપ્ટેમ્બરથી કાનપુરમાં શરૂ થનારી ઓસ્ટ્રેલિયા સામેની ત્રણ મેચની **ODI** શ્રેણી માટે ભારતીય ટીમના કેપ્ટન બનાવવામાં આવ્યા છે.

જોકે, ઐયર વારંવાર થતી પીઠની સમસ્યાને કારણે રેડ-બોલ ક્રિકેટમાંથી છ મહિનાનો વિરામ લેશે અને ઈરાની કપ રમશે નહીં. રજત પાટીદાર 1 ઓક્ટોબરથી નાગપુરમાં શરૂ થનારા ઈરાની કપમાં રણજી ચેમ્પિયન વિદર્ભ સામે રેસ્ટ ઓફ ઈન્ડિયા ટીમનું નેતૃત્વ કરશે. 2023માં પીઠની સર્જરી પછી ફિટનેસ અને રિકવરી પર ધ્યાન કેન્દ્રિત કરવા માટેના ઐયારના નિર્ણયની **BCCI**એ ખાતરી કરી છે.

દરમિયાન, હર્ષિત રાણા અને અર્શદીપ સિંહ 3 અને 5 ઓક્ટોબરના રોજ બીજી અને ત્રીજી વન-ડે માટે ભારતીય ટીમમાં જોડાશે.

. . . . . . . . .

# SEVA PARV- DEFENCE PRODUCTION

સેવા અને સુશાસન , એટલે કે જાહેર સેવા અને સુશાસનના મંત્ર દ્વારા સંચાલિત, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકાર , પરિવર્તન અને પ્રગતિ લાવવા માટે અથાક મહેનત કરી રહી છે.

આજે, આ ખાસ શ્રેણી - 'સેવા પર્વ' માં, અમે તમને જણાવીએ છીએ કે મોદી સરકારે સંરક્ષણ ઉત્પાદનને કેવી રીતે મજબૂત બનાવ્યું છે , જેનાથી ભારત આત્મનિર્ભર અને વૈશ્વિક સંરક્ષણ બજારમાં ઉભરતું બળ બન્યું છે.

**(વોઇસ કાસ્ટ : JAGRITI-SEVA-PARV)**